**મે. કઠોરનાં જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં.**

**ક્રિમીનલ કેસ નંબર –૧૩/૨૦૨૬**

**આંક–**

ફરિયાદી – ધી સ્ટેટ ઓફ ગુજરાત

વિરુદ્ધ

આરોપી –(૧) સાગર બાયોટેક પ્રા. લી.

(૨) પટેલ મનસુખભાઈ તુલસીભાઈ

**આરોપઃ– બીયારણ અધિ. ૧૯૬૬ ની કલમ–૬(ક), ૭(ખ) તથા બીયારણ નિયમો ના નિયમ–૧૦ નો ભંગ કરવા બાબત**

**–: <u>ચુકાદો</u>:–**

1) આ કામના આરોપીઓ બીયારણ અધિ. ૧૯૬૬ ની કલમ–૬(ક), ૭(ખ) તથા બીયારણ નિયમો ના નિયમ–૧૦ મુજબના ગુનાનો કેસ તા.૧૩/૦૧/૨૦૨૬ ના રોજ ફરિયાદી શ્રી આર. ટી. બલદાણિયા, ખેતી અધિકારી દ્વારા દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીને અત્રેની કોર્ટથી સમંસ ઇસ્યુ કરતા બજતા, આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર થતા આરોપીઓની પ્લી લેવામાં આવેલ છે.

2) આજરોજ આરોપી હાજર થતા તેઓને ફરિયાદના તથા તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીઓની પ્લી લેવામાં આવેલ છે જેમા તેઓ આ કામે સ્વેછાએ ગુનો કબુલાત કરેલ છે. આરોપી તરફે પુરસીસ રજુ કરેલ છે અને રજુઆત કરી છે કે, તેઓની શુધ્ધબુધ્ધિની શરતચૂક થઈ જવા પામી છે. ગુન્હો કર્યા બાદ તેને પારાવાર પસ્તાવો થાય છે, તેઓનો આ પ્રથમ ગુન્હો છે. આરોપી પ્રત્યે સજા ભોગવવાનો હુકમ કરવામાં દયા દાખવવા તેણે રજુઆત કરી છે. આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી, ગુન્હો કબુલ કરવાથી કાયદાથી નકકી થયેલ સજા, દંડ ભોગવવાનો તેને હુકમ કરી શકાય છે તેવી સ્પષ્ટ સમજ આપવામાં આવી છે. આરોપી સ્વૈચ્છિક રીતે કબુલાત કરતા હોય તેઓની કબુલાત આ અદાલતે સ્વીકારેલ છે.

3) નામદાર ગુજરાતની વડી અદાલતે **ગુજરાત સરકાર વિરુધ્ધ નટવર હીરાચંદુજી ઠાકોર–૨૦૦૫(૧)જી.એલ.આર.૭૦૯** ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. સદરહુ ચુકાદાના ફકરા–૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોય તેમ જણાય છે. આથી, આરોપીઓની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈને અત્રેની અદાલતને આરોપીને ન્યુનતમ સજા કરવી યોગ્ય અને ન્યાયોચીત જણાય છે. આથી, આરોપીઓને સજા અંગે સાંભળ્યા બાદ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ :–**

આ કામના પ્રત્યેક આરોપી એ બીયારણ અધિ. ૧૯૬૬ ની કલમ–૬(ક), ૭(ખ) તથા બીયારણ નિયમોના નિયમ–૧૦ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપી દીઠ રૂા. ૫,૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા) મળી કુલે રૂપિયા ૧૦૦૦/– (અંકે રૂ. એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. આરોપી નં.૧ વતી આરોપી નં.૨ એ દંડની રકમ ભરપાઈ કરવી તેવો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો તેઓને દિન– ૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૪ મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

**તારીખ:–૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળઃ કઠોર.**

**(સ્વપ્નિલ કે. ફટાણીયા)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, કઠોર**
**જજ કોડ:GJ01769**